# BUSINESS મિત્ર

## શેરબજારમાં વીકલી એક્સપાયરીએ વેચવાલી હાવી રહી

**સેન્સેક્સે** 74000 અને નિફ્ટીએ 22400 પોઇન્ટની સપાટી તોડી

**આજે** ધૂળેટીના તહેવાર નિમિત્તે શેરબજાર બંધ રહેશે

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 13:** ભારતીય શેરબજારમાં આજે વીકલી એક્સપાયરીના દિવસે વેચવાલી હાવી રહી હતી અને સેન્સેક્સે 74000 પોઇન્ટ અને નિફ્ટીએ 22400 પોઇન્ટની સપાટી તોડી હતી. આજે વીકલી એક્સપાયરી તેમજ આવતીકાલે ધુળેટીના તહેવાર નિમિત્તે બજાર બંધ રહેશે અને શનિવાર અને રવિવારમાં રહાજ હોવાથી શેરબજાર બંધ રહેશે. આમ, મીની વેકેશનના લીધે શેરબજારમાં વેચવાલી હાવી રહી હતી.

ઈયુએ અમેરિકા ઉપર વ્હીસ્કીની ઉપર ટેરિફની જાહેરાત કર્યા બાદ આજે ટ્રમ્પે વળતા પ્રહારમાં 200 ટકા ટેરિફની ધમકી ઉચ્ચારી છે, જેના લીધે હજુય ટેરિફ વોરની અનિશ્ચિતતામાં વધારો કર્યો હતો, જેના પગલે શેરબજારમાં વધઘટ રહ્યા હતા. આમ તો શેરબજારમાં પોઝિટિવ શરૂઆત થઇ હતી, પણ અંતમાં વેચવાલી ચાલુ રહેતા નરમ બંધ રહ્યા હતા.

સંપત્તિઓ વેચીને એમટીએનએલને આશરે રૂ. 2500 કરોડ કમાણી થઇ હતી, જેના લીધે આવનારા દિવસોમાં મોનેટાઇઝેશનની રફતાર વધી હતી. જેના પગલે એમટીએનએલનો શેર રોકેટ બન્યો હતો.

આજે ફ્રન્ટલાઇન શેરોની સરખામણીએ બ્રોડર માર્કેટમાં ખરાબ પ્રદર્શન રહ્યું હતું. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.77 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.62 ટકા ઘટયા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઇ ખાતે 1526 શેરો વધ્યા હતા, જ્યારે 2449 શેરો ઘટયા હતા, જેના પગલે 130 શેરો યથાવત રહ્યા હતા.

બીએસઇ સેન્સેક્સ 200.85 પોઇન્ટ એટલે કે 0.27 ટકા ઘટીને 74000 પોઇન્ટના સપાટી તોડીને 73818.91 પોઇન્ટના સ્તરે બંદ રહ્યા હતા. નિફ્ટીએ 22400 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે નિફ્ટી 73.30 પોઇન્ટ એટલે કે 0.33 ટકા ઘટીને 22397.20 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 22558 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22377 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 3.75 પોઇન્ટ એટલે કે 0.01 ટકા સુધરીને 48060.40 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે જ્યુબીલન્ટ ફાર્મોવામાં 4.36 ગણા, કેઇસી ઈન્ટરનેશનલ 2.69 ગણા, ઈન્ડયન બેન્કમાં 2 ગણા, જેબી કેમિકલ્સમાં 1.94 ગણાઅને બિરલા કોર્પમાં 1.89 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે મેંગ્લોર રિફાઇનરી 7.68 ગણા, બિરલા કોર્પમાં 4.18 ગણા, એવન્યુ સુપરમાર્કેટમાં 3.67 ગણા, એલ્જી ઈક્વીપમેન્ટમાં 3.64 ગણા અને એફલ ઈન્ડિયામાં 3.49 ગણા કામકાજ નોંધાયા છે.

રિયલ્ટી શેરોમાં ઘટાડો નોંધાયો છે. નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 1.83 ટકા ઘટયા હતા. જેમાં મેક્રોટેક ડેવલપર્સ, ગોદરેજ પ્રોપર્ટીઝ, ફોનીક્સ મીલ્સ, ઓબેરોય રિયલ્ટી, રેમન્ડ, બ્રિગ્રેડ એન્ટર, ડીએલએફ અને શોભા ઘટયા હતા. બીજી તરફ, મહિન્દ્રા લાઇફસ્પેસ અને પ્રેસ્ટીજ એસ્ટેટ વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન શેરોમાં સુધારો જોવાયો હતો. કારણ કે રોકાણકારો કોઇ મોટા ડેટા રિલીઝ થવાના બાકી નથી. યુએસ ટેક શેરોમાં રાતોરાત ઉછાળાને પગલે મોટાભગના એશિયન શેરો નીચા બંધ થયા હતા. જોકે, વેપાર તણાવ અને વૈશ્વિક થિંક અનિશ્ચિતતાઓ અંગે સતત ચિંતાઓ સુચવે છે કે બજારની અસ્થિરતા ટુંકસમયમાં દુર થઇ રહી નથી. હજુય વૈશ્વિક બજારોમાં અનિશ્ચિતતા ચાલુ રહેવાની સંભાવના જોવાઇ રહી છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.07 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે કેક 0.31 ટકા અને ડેક્સ 0.38 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.08 ટકા, હેંગસેંગ 0.59 ટકા, તાઈવાન 1.44 ટકા, કોસ્પી 0.05 ટકા, જકાર્તા 0.27 ટકા અને શાંઘાઇ 0.39 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઈટસ 0.13 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

### રૂપિયો વધુ 21 પૈસા ઉછળ્યો

કરન્સી બજારમાં અપેક્ષા કરતા સારા ડેટા અને ક્રુડ ઓઇલની કિંમતોમાં નબળાઇના કારણએ રૂપિયો સકારાત્મક વલણ સાથે કારોબાર કરશે. જોકે, નબળા સ્થાનિક બજાર, ચાલુ ટ્રેડ વોર અને એફઆઇઆઇના આઉટફ્લોથી તીવ્ર તેજીને ટકાવી શકે છે. ભારતનો રિટેલ ફુગાવોફબ્રુઆરીમાં 4.26 ટકાથી ઘટીને 3.61 ટકા થયો છે. જે સાત મહિનાની નીચે છે, તેમજ ઔદ્યોગિક ઉત્પાદન સુધરી ગયો છે. ફેબ્રુઆરીમાં યુએસ રિટેલ ફુગાવો 2.9 ટકાના અનુમાનથી ઘટીને 2.8 ટકા થઇ ગયો હતો. જ્યારે કોર સીપીઆઇ 3.2 ટકાના અંદાજની તુલનામાં ઘટીને 3.1 ટકા પર આવી ગયો છે. જોકે, નબળા સ્થાનિક બજારે રૂપિયામાં કોઇ પણ તીવ્ર વધારા સામે અવરોધ તરીકે કામ કર્યુ હતું. આજે ડોલરની સામે રૂપિયો 21 પૈસા સુધરીને 87ના સ્તરે બંધ રહ્યો હતો. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 87.21ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 94.56, પાઉન્ડ 112.98, કેનેડિયન ડોલર 60.41, ઓસ્ટ્રેલિયન ડોલર 54.81, જાપાનીઝ યેન 0.5874 અને સીંગાપોર ડોલર 64.92ના સ્તરે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -200.85 | 73828.91 |
| નિફ્ટી | -73.30 | 22397.20 |
| બેન્ક નિફ્ટી | 3.75 | 48060.40 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બીઇએલ | 1.17 | 280.07 |
| એસબીઆઇ | 0.66 | 727.85 |
| એનટીપીસી | 0.53 | 331.90 |
| સીપલા | 0.52 | 1461.90 |
| ICICI બેન્ક | 0.49 | 1250.05 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| શ્રીરામ ફાઇનાન્સ | 2.73 | 619.55 |
| હીરો મોટોકોર્પ | 2.25 | 3529.15 |
| ટાટા મોટર્સ | 1.92 | 655.50 |
| હિન્દાલ્કો | 1.81 | 677.35 |
| ઇન્ડસઇન્ડ બેન્ક | 1.80 | 672.35 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એસબાઇ | 0.67 | 727.75 |
| ICICI બેન્ક | 0.62 | 1250.25 |
| એનટીપીસી | 0.48 | 331.70 |
| સન ફાર્મા | 0.45 | 1683.85 |
| ટાટા સ્ટીલ | 0.37 | 150.85 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઝોમેટો | 1.97 | 201.40 |
| ટાટા મોટર્સ | 1.95 | |
| ઇન્ડઇસન્ડ બેન્ક | 1.84 | 672.10 |
| મારૂતિ સુઝુકી | 0.93 | 11530.15 |
| એશિયન પેઇન્ટસ | 0.98 | 2228.95 |

## સતત પાંચમા દિવસે આઇટી શેરોમાં ઘટાડો, રોકાણકારોને રૂ. 8.4 લાખ કરોડનું નુકશાન

**ટેરિફ** વોરથી મંદીના એંધાણ: છેલ્લા એક મહિનામાં નાસ્ડેક 10 ટકા તૂટયો, જેથી ભારતીય આઇટી કંપનીઓના શેરો તૂટયા

મુંબઇ, તા. 13: ભારતીય આઇટી કંપનીઓમાં પાંચમા દિવસે ઘટાડો ચાલુ રહ્યો હતો. કારોબાર દરમ્યાન નિફ્ટીના આઇટી ઇન્ડેક્સ અડધા ટકાથી વધુ ઘટીને 36065.80 પોઇન્ટના સ્તર બંધ રહ્યા હતા.

ઇન્ડેક્સમાં સમાવિષ્ટ તમામ 10 શેરો લાલ નિશાનમાં કારોબાર કરી રહ્યા હતા. આ ઘટાડો ઇન્ફોસીસ, વિપ્રો અને પરસીસ્ટન્ટ સીસ્ટમ જેવી મોટી કંપનીઓએ કર્યો હતો. આ સાથે નિફ્ટી આઇટી ઇન્ડેક્સ તેની તાજેતરની ટોચથી હવે 21 ટકાથી વધુ ઘટીને ઘટીને મંદીના ઝોનમાં આવી ગયો છે. આ ઘટાડાના કારણે નિફ્ટી આઇટી ઇન્ડેક્સ માર્કેટ વેલ્યુ તેની તાજેતરની ટોચથી રૂ. 8.4 લાખ કરોડ ઘટી ગઇ છે.

નિફ્ટી આઇટી ઇન્ડેકસના 10માંથી 9 શેર પણ હવે મંદી માર્કેટ ઝોનમાં પહોંચી ગયા છે. સૌથી વધુ નુકશાન એલટીઆઇ માઇન્ડટ્રીના શેરમાં થયું છે, જેની કિંમતમાં 34 ટકાનો ઘટાડો થયો છે. તે જ સમયે ઇન્ફોસીસ અને ટીસીએસ જેવી મોટી બ્લુચિમ્પ કંપનીઓમાં 24 ટકા સુધીનો ઘટાડો થયો છે.

આ બધા શેરમાં એકમાત્ર અપવાદ વિપ્રો છે. વિપ્રોના શેરમાં તાજેતરની ટોચ પછી લગભગ 17 ટકાનો ઘટાડો થયો છે. આ પણ પોતાનામાં નોંધપાત્ર કરેકશન છે, પરંતુ સત્તાવાર રીતે 20 ટકાના ઘટાડા બાદ આ શેરને મંદી બજારની શરૂઆત માનવામાં આવે છે.

ટીસીએસના શેરમાં ઘટાડાથી તેની માર્કેટ કેપમાં રૂ. 3.8 લાખ કરોડનો ઘટાડો થયો છે. તેજ સમયે ઇન્ફોસીસના ઘટાડાના કારણે તેના બજારમાં 1.7 લાખ કરોડનો ઘટાડો થયો છે. એલટીટીએસ અને ખોફોર્જમાં માર્કેટ વેલ્યુમાં સૌથી ઓચો ઘટાડો જોવા મળ્યો છે. તેમની માર્કેટ કેપમાં તાજેતરની ટોચથી રૂ. 15000 કરોડ અને રૂ. 16000 કરોડનો ઘટાડો થયો છે.

બજારના જાણકારોનું કહેવું છે કે, અમેરિકી અર્થવ્યવસ્થામાં મંદીની આશંકા અને ટ્રમ્પ અર્થવ્યવસ્થામાં મંદીની આશંકા અને ટ્રમ્પ પ્રશાસનની ટેરિફ નીતિઓથી પેદા થયેલી અનિશ્ચિતતાના કારણે ભારતીય આઇટી કંપનીઓ પર દબાણ વધ્યું છે. આ કંપનીઓનું સૌથી મોટું માર્કેટ છે, જ્યાંથી તેમની 60થી 70 ટકા આવક ઉભી થાય છે. વિશ્લેષકના જણાવ્યા અનુસાર અમેરિકી કંપનીઓ પોતાના આઇટી બજેટમાં ઘટાડો કરી શકે છે, જની અસર નાણાકીય વર્ષ 2026માં ભારતીય આઇટી કંપનીઓના અર્નિંગ ગ્રોથ પર પડી શકે છે.

મોતીલાલ ઓસવાલે પોતાના રિપોર્ટમાં કહ્યું કે, વિવેકાધીન ખર્ચમાં વધારાની અપેક્ષા હવે એટલી મજબૂત રહી નથી જેટલી પહેલા લાગતી હતી. ખાસ કરીને યુએસ મંદી અને ટેરિફ વોરના ભયની અસર વૈશ્વિક બજારો પર પડી છે. છેલ્લા એક મહિનામાં નાસ્ડેક 10 ટકાથી વધુ તૂટયો છે, જની સીધી અસર ભારતીય આટી કંપનીઓના શેરો ઉપર પડી રહી છે.

## બાબા રામદેવની વીમા ક્ષેત્રમાં એન્ટ્રી

**પતંજલિ** આયુર્વેદે અદાર પૂનાવાલાની કંપની ખરીદી

નવી દિલ્હી, તા. 13: યોગગુરૂ બાબા રામદેવ હવે વીમા ક્ષેત્રમાં પ્રવેશ કરવા જઈ રહ્યા છે. પતંજલિ આયુર્વેદ અને રજનીગંધા બ્રાન્ડની માલિકી ધરાવતું ધરમપાલ સત્યપાલ ગ્રુપ સનોતી પ્રોપર્ટીઝ એલએલપી પાસેથી મેગ્મા જનરલ ઈન્શ્યોરન્સ હસ્તગત કરશે. ૪,૫૦૦ કરોડના વેલ્યુએશન પર અધિગ્રહણ કરવામાં આવશે. કંપનીએ ગુરુવારે સ્ટોક એક્સચેંજને એક્વિઝિશન ડીલ વિશે માહિતી આપી હતી. મેગ્મા જનરલ ઈન્શ્યોરન્સ અદાર પૂનાવાલા અને રાઈઝિંગ સન હોલ્ડિંગ્સની માલિકીની છે. કંપનીના નિવેદન અનુસાર, સનોતી પ્રોપર્ટીઝે પતંજલિ આયુર્વેદ અને ડીએસ ગ્રુપ સાથે શેર ખરીદીના કરાર અનુસાર સેલિકા ડેવલપર્સ અને જગુઆર એડવાઈઝરી સર્વિસીસ સાથે તેની વીમા પેટાકંપની મેગ્મા જનરલ ઈન્શ્યોરન્સ વેચવાની મંજૂરી આપી દીધી છે. આ સોદો રૂ.4,500 કરોડના વેલ્યુએશન પર છે, જે નિયમનકારી મંજૂરીઓને આધિન છે, એમ કંપનીએ જણાવ્યું હતું. મેગ્મા જનરલ ઈન્શ્યોરન્સ, વિવિધ કેટેગરીમાં 70 થી વધુ ઉત્પાદનો સાથે, સામાન્ય વીમા ક્ષેત્રના તમામ મોટા જોખમોને આવરી લેતો વીમો પૂરો પાડે છે. આ કંપનીમાં રિટેલ ગ્રાહકો માટે વાહન, સ્વાસ્થ્ય, પર્સનલ એક્સિડન્ટ અને હાઉસ ઈન્શ્યોરન્સ સામેલ છે. કંપનીની કોર્પોરેટ પ્રોડક્ટ્સમાં ફાયર, એન્જિનિયરિંગ અને મરીન ઈન્શ્યોરન્સનો સમાવેશ થાય છે. પૂનાવાલાનો આ નિર્ણય ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે કારણ કે સનોતી પ્રોપર્ટીઝમાં તેમની 90 ટકા ભાગીદારી છે. એવું માનવામાં આવે છે કે પૂનાવાલા વીમા ક્ષેત્રમાં પોતાની રણનીતિ બદલી રહ્યા છે.

## હોળી પહેલા સોનું નવા રેકોર્ડ પર, ચાંદી 1000 રૂપિયાનો ઉછાળો

નવી દિલ્હી, તા. 13: હોળી પહેલા સોનાના ભાવમાં જોરદાર વધારો થયો છે. વૈશ્વિક બજારોમાં મજબૂત વલણ વચ્ચે બુલિયન માર્કેટમાં આજે સોનાના ભાવ 600 રૂપિયા વધીને 89450 રૂપિયા પ્રતિ 10 ગ્રામની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયા છે. જ્યારે ચાંદીના ભાવ પણ રૂ. 1000 વધીને આશરે પાંચ મહિનાની ઊંચી સપાટી રૂ. 101200 પ્રતિ કિલોએ પહોંચી ગયા હતા.

તે અગાઉના ટ્રેડિંગ સેશનમાં 100200 રૂપિયા પ્રતિ કિલોના સ્તરે બંધ રહ્યો હતો. એચડીએફસી સિક્યોરિટીઝના જણાવ્યા અનુસાર સેફ-હેવન ઈન્વેસ્ટમેન્ટ્સની માંગ અને યુએસ કન્ઝ્યુમર ઈન્ફ્લેશન ડેટાને પગલે આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવ વિક્રમજનક ઊંચાઈએ પહોંચ્યા હતા અને સ્થાનિક બજારમાં એક નવો રેકોર્ડ બનાવ્યો હતો.

વૈશ્વિક મોરચે સ્પોટ ગોલ્ડ 11.67 ડોલર વધીને 2946.44 ડોલર પ્રતિ ઔંસ પર પહોંચી ગયું હતું. તે પ્રથમ વખત 3000 ડોલર પ્રતિ ઔંસને પાર કરવાથી માત્ર 1 ટકા દૂર ગયો છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૪ | ૭૫/૩૬ '' | ૧૨૧ | ----- | --- |
| ૩૦/૩૬ એફડી | ૨૯૫ | ૫૦/૩૬ '' | ૧૨૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| **લોકલ** | | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૭૧ | **ગાર્ડન** | |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૯ | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૭૩.૫ |
| ૬૮/૩૬ | ૧૨૭ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૩૦.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૭ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૪.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૧ | ૮૦/૭૨ રોટો | ૧૨૮ | ૭૫ ક્રિમ્પ | ૧૨૩.૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૩૬ | ૮૦ ક્રિમ્પ | ૧૨૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૬ | ૧૬૦ ડીસ્કેટ | ૧૩૬ | ૮૦/૭૨ રોટો | ૧૨૭ |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૯ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| | | ૮૦/૧૦૮ '' | ૧૨૯ | ૩૦/૩૬ એફડી | --- |

**જથ્થાબંધ ખાંડબજાર** — પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૪૦૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૮૯૫૦૦ |
| તેજાબી સોનું | ૮૯૪૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૮૫૦૨૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૮૭૭૧૦ |
| સોનાનાં બિસ્કીટ | ૮૯૫૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૧૦૦૭૦૦ |
| ચાંદી સિક્કા | ૧૦૨૨૦૦ |

**તેલ બજાર સુરત** — ૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૫૯૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૪૦૦ | વનસ્પતિ ઘી | ૨૫૪૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૬૦ | સનફ્લાવર | ૨૩૨૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૪૮૦ | તલતેલ | ૫૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૨૮૦ | દિવેલ | ૨૪૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૪૦ | મકાઇ તેલ | ૨૪૫૦ |
| સરસીયું તેલ | ૨૬૮૦ | | |

## રોકાણકારો ગોલ્ડ ઈટીએફ તરફ વળ્યા, વૈશ્વિક સ્તરે રોકાણમાં 9.4 અબજ ડોલરનો વધારો

નવી દિલ્હી, તા. 13: અમેરિકા દ્વારા શરૂ કરવામાં આવેલા ટ્રેડ વોરને કારણે વૈશ્વિક સ્તરે વધી રહેલી અનિશ્ચિતતાને કારણે રોકાણકારો સુરક્ષિત ગણાતા સોનામાં રોકાણ કરી રહ્યા છે, જેના કારણે ફરી સોનાના ભાવ વધી રહ્યા છે. વધતા ભાવને કારણે સોનાની જ્વેલરીના વેચાણમાં ઘટાડો થયો હોવા છતાં રોકાણ માટે સોનાની માગમાં જબરદસ્ત વધારો થયો છે.

આ જ કારણ છે કે ફેબ્રુઆરીમાં વૈશ્વિક સ્તર પર ગોલ્ડ ઈટીએફમાં રોકાણ 3 વર્ષના ઉચ્ચતમ સ્તર પર પહોંચી ગયું છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના જણાવ્યા અનુસાર ફેબ્રુઆરી દરમિયાન રોકાણમાં 9.4 અબજ ડોલરનો વધારો થયો છે. માર્ચ 2022 પછી રોકાણની માંગમાં આ સૌથી મોટો માસિક વધારો છે.

વોલ્યુમની દ્રષ્ટિએ રોકાણમાં 99.9 ટનનો વધારો થયો છે. જાન્યુઆરીમાં રોકાણમાં 3 અબજ ડોલરનો વધારો થયો હતો. તે જ સમયે, ભારતમાં ગોલ્ડ ઈટીએફમાં રોકાણ ગયા મહિને 3.6 ટકા અથવા 22.04 મિલિયન ડોલર વધ્યું હતું, જેના કારણે ગોલ્ડ ઈટીએફની એયુએમ 6.2 અબજ ડોલર એટલે કે 54000 કરોડ રૂપિયા થઈ ગઈ છે.

વૈશ્વિક ટ્રેડ વોરની આશંકા અને ડોલરમાં નબળાઈની આશંકા વચ્ચે ફેબ્રુઆરીમાં સોનાના ભાવ અમેરિકન ડોલર સામે એક ટકા અને ભારતીય રૂપિયામાં ચાર ટકા વધ્યા હતા. ભારતીય શેરબજારમાં ઘટાડાને કારણે રોકાણકારો ગોલ્ડ ઈટીએફમાં વિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે.

## ગૌતમ અદાણીને અમેરિકાના માર્કેટ રેગ્યુલેટરે સમન્સ પાઠવ્યું

**અમેરિકામાં** 2,029 કરોડ રૂપિયાની લાંચ આપવાનો આરોપ

નવી દિલ્હી, તા. 13: અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીની નેટવર્થમાં આ વર્ષે 1 જાન્યુઆરીથી અત્યાર સુધીમાં 1.03 લાખ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે. દુનિયાના સૌથી અમીર લોકોની યાદીમાં એલન મસ્ક બાદ સૌથી વધુ ગૌતમ અદાણીની નેટવર્થ ઘટી છે. અમેરિકામાં લાંચ અને છેતરપિંડીના કેસમાં ગૌતમ અદાણીને યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન દ્વારા સમન્સ પાઠવવામાં આવ્યું છે. એક અખબારી અહેવાલ મુજબ કેન્દ્ર સરકારે આ સમન્સ ગૌતમ અદાણીના સરનામે પહોંચાડી શકાય તે માટે 25 ફેબ્રુઆરીએ અમદાવાદની સેશન્સ કોર્ટમાં ટ્રાન્સફર કરી દીધું હતું.

આ સમન્સ 1965ની હેગ સંધિ હેઠળ મોકલવામાં આવ્યું છે. સંધિમાં કોઈ પણ બાબતમાં સામેલ દેશો એકબીજાના નાગરિકોને કાનૂની દસ્તાવેજો સોંપવામાં સહાયની સીધી વિનંતી કરી શકે છે.

## ટ્રમ્પની ટેરિફ ધમકીઓ રોકાણકારોમાં ગભરાટ: નાસ્ડેકમાં એક ટકાથી વધુનો ઘટાડો

**ડેટા** સકારાત્મક હોવા છતાં વિશ્લેષકો સાવધ રહેતા બજારોની અનિશ્ચિતતા ચાલુ રહેવાની દહેશત

નવી દિલ્હી, તા. 13: એક સોશિયલ પોસ્ટમાં ટ્રમ્પે યુરોપિયન યુનિયનના વ્હિસ્કીની આયાત પર 50 ટકા વસૂલાતના જવાબમાં યુરોપિયન આલ્કોહોલિક પીણાં પર 200 ટકા ટેરિફ લાદવાની પ્રતિજ્ઞા લીધી હતી. તેમણે દાવો કર્યો હતો કે આ પગલાથી ઘરેલું વાઇન અને શેમ્પેઇન ઉત્પાદકોને પ્રોત્સાહન મળશે. આમ છતાં રોકાણકારોમાં ગભરાટ ચાલુ રહ્યો હતો અને આજે અમેરિકન બજારોમાં નરમાઇ ચાલુ રહેવા પામી હતી.

આજે ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રીયલ એવરેજ 275 અંક એટલે કે 0.76 ટકા ઘટ્યો છે, જ્યારે એસએન્ડપી 500માં 0.74 ટકાનો ઘટાડો દર્જ કરવામાં આવ્યો છે. નાસ્ડેક કમ્પોઝિટમાં 1.17 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

યુએસની વેપાર નીતિ અંગેની અનિશ્ચિતતાનું આ સપ્તાહે બજારો પર અસર જોવા મળી હતી. એસએન્ડપી 500 અને નાસ્ડેક અનુક્રમે 3.3 ટકા અને 3.7 ટકાના સાપ્તાહિક નુકસાનને ટ્રેક કરી રહ્યા છે, જ્યારે ડાઓ 3.6 ટકા નીચે છે, જે માર્ચ 2023 પછીના સૌથી ખરાબ સપ્તાહ માટે છે. એસએન્ડપી 500 સપ્તાહની શરૂઆતમાં થોડા સમય માટે સુધરાઇના ક્ષેત્રમાં ગબડ્યું હતું, જે તેની ફેબ્રુઆરીની ટોચથી 10 ટકા પીછેહઠ કરી રહ્યું હતું.

જો કે આજે જાહેર થયેલા ફુગાવાના આંકડાએ થોડી રાહત આપી હતી. જથ્થાબંધ ફુગાવાનું મુખ્ય પગલું ઉત્પાદક ભાવાંક (પીપીઆઇ) ફેબ્રુઆરીમાં સપાટ રહ્યો હતો, જે વધારાની અપેક્ષાને અવગણીને સપાટ રહ્યો હતો. આ પછી અપેક્ષા કરતા હળવા-કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ (સીપીઆઇ)ના રીડિંગ બાદ, ફુગાવાનું દબાણ ઠંડુ પડી શકે છે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. ડેટા સકારાત્મક હોવા છતાં વિશ્લેષકો સાવધ રહે છે.


**બીલીમોરા નગરપાલિકા**

**ટુંકી મુદતની ટેન્ડર નોટીશ ક્રમાંક નં. ૩૦ /૨૦૨૪-૨૫**

આથી રસ ધરાવતા અનુભવી ઈજારદારશ્રીઓને જણાવવાનું કે, બીલીમોરા નગરપાલિકાના નીચે મુજબના જુના થયેલ વાહનો ભંગારમાં કાઢવાના કામે ટેન્ડરો લઈ જઈ ભાવો ભરી મોકલવાના રહેશે. સદર કામના ટેન્ડરો નગરપાલિકા કચેરીથી ઓફિસ સમય દરમ્યાન તા.૧૫/૦૩/૨૦૨૫ થી તા.૨૨/૦૩/૨૦૨૫ સુધીમાં ટેન્ડર ફી ભરી ટેન્ડર કોપી મેળવી લઈ ભાવો ભરી કવર ઉપર કામનું નામ લખી રજીસ્ટર પોસ્ટ એ.ડી.એ.થી, કુરિયર અથવા સ્પીડ પોસ્ટથી ''ચીફ ઓફિસર બીલીમોરા નગરપાલિકા'' ના નામે તા.૨૫/૦૩/૨૦૨૫ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. સમય મર્યાદાની બહાર આવેલ ટેન્ડર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. ભાવ મંજૂર/નામંજૂર કરવાની સત્તા નગરપાલિકાની રહેશે.

| Sr No. | vehical Register No. | Vehical Make/Model No. |
|---|---|---|
| 1 | GJ-21-G-31 | Rajshree/2001 |
| 2 | GJ-21-G-0458 | Tata Motors Ltd./ACE HT BS3/2015 |
| 3 | GJ-21-G-124 | Maruti Udhyog Ltd./Omni/2006 |
| 4 | GJ-21-G-138 | Force Motors Ltd./Ambulance/2006 |

તા ૧૩ /૦૩/૨૦૨૫ — ચીફ ઓફિસર

માહિતી/નવસારી/૫૫૮/૨૦૨૫ — બીલીમોરા નગરપાલિકા



**સુરત નેશનલ કો-ઓ.બેન્ક લિ.**

સહકારેણ સમુન્નતિઃ — સ્થાપના તા. ૨૯-૭-૧૯૯૨

મુખ્ય કાર્યાલય : ૩૧૦-એ/બી, કેનોપસ, ત્રીજો માળ, સીટી બેંકની નજીક, ઘોડદોડ રોડ, સુરત-૩૯૫૦૦૭, ફોન નં. ૨૨૧૩૧૦૧, ૬૭૧૩૦૧૧-૧૨-૧૩

**બેન્કના કબજા હેઠળની મિલકતની હરાજી**

સીક્યુરીટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ-૨૦૦૨ તથા ધી સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ-૨૦૦૨ અન્વયે બેન્કના નીચે દર્શાવેલ બાકીદાર પાસેથી બેન્કના સિક્યોર્ડ લેણાં ઉપરાંત વ્યાજ ખર્ચ વગેરેની વસુલાત માટે બેન્કના પ્રત્યક્ષ કબજા હેઠળની નિમ્નલિખિત મિલકત ''જ્યાં છે, જેમ છે અને જે છે તે સ્થિતિ'' મા વેચાણ સારું તા. ૧૬.૦૪.૨૦૨૫ સુધીમાં અધિકૃત અધિકારીને મળે તે રીતે દરખાસ્તો આવકારવામાં આવે છે.

| ક્રમ નં. | બાકીદારનું નામ | ગીરો મિલકતનું વર્ણન | કલમ-૧૩(૨) હેઠળ માંગણા નોટીસની તારીખ અને રકમ | રીઝર્વડ કિંમત | ઈ.એમ.ડી ની રકમ |
|---|---|---|---|---|---|
| ૧. | મેં.વિ.એન. ઇન્ટરનેશનલ એક પ્રોપ્રાયટરશીપ ફર્મના પ્રોપ્રાયટર શ્રીમતી વર્ષાબેન નરેશભાઈ મૈસુરીયા અને સહ-કરજદાર શ્રી નરેશભાઈ દલપતભાઈ મૈસુરીયા | પ્લોટ નં.૨૨,૨૩, સાંઇ વિલા, સડક ફળિયું, સાતેમ, નવસારી જગ્યા ૧૨૮.૪૯ ચો.મીટર (ગ્રામ પંચાયતના પ્લાન મુજબ) સડક ફળિયું, ગામે સાતેમ, તાલુકો અને ડીસ્ટ્રીકટ-નવસારી તે મિલકતના તળેની જમીનમા ફાળે પડતા વણ વહેંચાયેલા હિસ્સાની જમીન સહિત ની મિલકતના અંદરના તથા બહારના તમામ હક્કો સહિતની મિલકત. | તા.૦૫.૦૨.૨૦૨૨ રૂ.૨૨,૬૯,૭૦૦/- + ચઢત વ્યાજ અને ખર્ચા | ૧૬,૭૬,૭૦૦/- | ૧,૬૭,૬૭૦/- |
| ૨. | શ્રી દિવ્યેશ રમેશભાઈ રંગાણી (કરજદાર) અને સહ-કરજદાર શ્રી રમેશભાઈ ડાહ્યાભાઈ રંગાણી. | પ્લોટ નં.૧૦, સ્ટેવીટા વિકેન્ડ હોમ્સ, અમૃત ફાર્મની સામે, વિહાણ સેવણી રોડ, સેવણી, સુરત, બ્લોક નં.૯૫૧, મોજે -સેવણી, તા.કામરેજ, ડીસ્ટ્રીકટ-સુરત. વેચાણ દસ્તાવેજ મુજબ - ૪૭૨ ચો.વાર. | તા.૨૯.૧૧.૨૦૨૩ રૂ.૧૦,૫૧,૨૬૨/- + ચઢત વ્યાજ અને ખર્ચા | ૩૮,૯૬,૦૦૦/- | ૩,૮૯,૬૦૦/- |

દરખાસ્ત (ઓફર) ના કવર ઉપર જે તે મિલકતનું વર્ણન દર્શાવવાનું રહેશે. દરખાસ્ત (ઓફર) ની સાથે ઉપર દર્શાવેલ ઈ.એમ.ડી.ની રકમનો સુરત ખાતે ચુકવવાપાત્ર અધિકૃત અધિકારી, સુરત નેશનલ કો-ઓપ બેંક લી., ના નામનો બેંક ડ્રાફ્ટ/ પે-ઓડર બીડેલો હોવો જોઈએ. જો ઓફર સ્વીકારાશે નહી તો ઈ.એમ.ડી.ની રકમ વગર વ્યાજે પરત આપવામાં આવશે. આ અંગે મળેલ દરખાસ્તો અધિકૃત અધિકારી દ્વારા સુરત નેશનલ કો-ઓપ બેંક લી., વહીવટી ઓફીસ: ૩૧૦-એ/બી, કેનોપસ ત્રીજો માળ, એકસીસ બેંક પાસે, ઘોડદોડ રોડ, સુરત ખાતે તા.૧૭.૦૪.૨૦૨૫ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે ખોલવામાં આવશે. તે જ સમયે જાહેર હરાજી / ખુલ્લી બોલી યોજાશે. દરખાસ્તદાર આ સમયે ઉપસ્થિત રહીને પોતાની આપેલ દરખાસ્તમા વધારો કરી શકાશે. આ રીતે સૌથી ઉંચી બોલી બોલનારે, બેંક દ્વારા વેચાણની મંજુરી મળેથી, તુરંત જ બોલીની રકમના ૨૫% રકમ જમા કરાવવાની રહેશે અને બાકીના ૭૫% રકમ ૧૫ દિવસમા જમા કરાવવાની રહેશે. જેમાં નિષ્ફળ નીવડ્યેથી દરખાસ્તદારે અગાઉ જમા કરાવેલી બધી રકમ વગર નોટીસે જપ્ત કરવામાં આવશે.

આ મિલકત ઉપરના ચુકવવાપાત્ર કોઈપણ પ્રકારના, બેન્કની જાણમા હોય કે ન હોય, તેવા હાલના કે ભવિષ્યના વૈધાનિક, સરકારી લ્હેણાં, સેલ્સટેક્ષ, ઇન્કમટેક્ષ, વેટના લ્હેણાં, કોમર્શીયલ ટેક્ષ, જી.એસ.ટી. લ્હેણાં, એકસાઈઝ લ્હેણાં, અર્ધસરકારી, લેબર લ્હેણાં, પ્રોવિડન્ટ ફંડ, ઇલેક્ટ્રિકસીટી લ્હેણાં, તાલુકા/ગ્રામ પંચાયતના લ્હેણાં, મિલકત વેરો, સોસાયટી મેઈન્ટેનન્સ અને અન્ય તમામ દેવા ખરીદનારે ભોગવવાના રહેશે. સદર મિલકતના બોજા અંગે બેંકને કોઈ જાણ કે માહિતી નથી તેવા બોજાના પુરેપુરા લ્હેણાં ચૂકતે કરવાની જવાબદારી ફક્ત ખરીદનારને શિરે રહેશે તથા મિલકત ટ્રાન્સફર કરવાના તમામ ખર્ચ સહિતની કાર્યવાહી ખરીદનારે કરવાની રહેશે તથા તે અંગે થતી સ્ટેમ્પ ડ્યુટી, વધારાની સ્ટેમ્પ ડ્યુટી, ટ્રાન્સફર ફી, રજીસ્ટ્રેશન ચાર્જ સહિતનો તમામ ખર્ચ પણ ખરીદનારે ભોગવવાનો રહેશે તથા બેંક, મિલકત ખરીદનારને બેંક પાસે, ઉપલબ્ધ ''જ્યાં છે, જેમ છે અને જે છે તે સ્થિતિ'' ના ધોરણે મિલકતના ટાઇટલ અંગેના ડોક્યુમેન્ટ્સ સુપ્રત કરશે. બેંક ઉપરોક્ત ગીરો મિલકતનું વેચાણ કરવા અંગે કોઈ એજન્ટ / બ્રોકર / દલાલને કામ સોંપેલ નથી.

આ મિલકતનું સ્થળ ઉપર નિરીક્ષણ તા.૦૫.૦૪.૨૦૨૫ ના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યાથી ૦૨:૦૦ વાગ્યા સુધીમાં કરી શકાશે. કોઈપણ પૂછપરછ અને / અથવા વેચાણ માટેની અન્ય શરતો સારું નીચે સહી કરનારનો સંપર્ક કરવા વિનંતી છે. કોઈપણ કારણ આપ્યા વિના મળેલ કોઈપણ અને / અગર બધી જ દરખાસ્તો નકારવાના તથા હરાજી મોકૂફ કરવા અંગેના પોતાના અધિકારો અધિકૃત અધિકારી અબાધિત રાખે છે.

મિલકતની વધુ માહિતી માટે શ્રી અજય જે સૈરૈયા નો સંપર્ક કરશો. મો.નં. : ૯૯૯૮૦ ૮૮૧૬૮.

અધિકૃત અધિકારી

સ્થળ : સુરત

તારીખ : ૧૩/૦૩/૨૦૨૫

સુરત નેશનલ કો-ઓપ બેંક લિ. સુરત



**NAVSARI MUNICIPAL CORPORATION**

Navsari City, Gujarat, India-396445

E-Notice/RFP Notice No. 20 of 2024-2025

NMC intends to invite interested parties/firms/service providers for the Empanelment of Service providers for Annual Rate Contract for Supply, Installation, Testing Commissioning of Rain Water Harvesting System along with five years of Comprehensive repairing maintenance in various Building Premises of Navsari Municipal Corporation. Interested parties may download the RFP document from http://tenders.nprocure.com from 18/03/2025 to 29/03/2025 up to 18:00 hrs and submit their applications through e-tendering on http://tender.nprocure.com by 29/03/2025 upto 18:00 hrs. as well as in hard copy at the address mentioned in the RFP document from Dt: 29/03/2025 (during office hours) to 03/04/2025 by 14:00 hrs. Pre-Bid meeting shall be held on 24/03/2025 at 11:00 hrs. at the address mentioned in the tender. The applicants are requested to submit their RFP queries by 17:00 hrs Dt. 23/03/2025 on the email ids mentioned in the RFP document.

City Engineer

માહિતી/નવસારી/૫૬૦/૨૦૨૫ — Navsari Municipal Corporation



સત્યમેવ જયતે

**ઓલપાડ ગૃપ ગ્રામ પંચાયત**

મુ.પો. ઓલપાડ, તા. ઓલપાડ, જી. સુરત,

**ટેન્ડર અંગેની જાહેર નિવિદા વર્ષ ૨૦૨૫-૨૬**

જા.નં./ ૧૬૨ /જાહેર નિવિદા/૨૦૨૪-૨૫ — તા. ૧૩/૦૩/૨૦૨૫

આથી હિત ધરાવનાર તમામ ઇજારદારોને જણાવવાનું કે વર્ષ ૨૦૨૫-૨૦૨૬ ના વર્ષ માટે ઓલપાડ ગૃપ ગ્રામ પંચાયત દ્વારા નીચેની વિગતના કામો કરાવવા માટે ભાવપત્રકો મંગાવવામાં આવે છે. ભાવપત્રક મોકલનાર ઇજારદારના G.S.T. નંબર વગરના ભાવપત્રક માન્ય રાખવામાં આવશે નહિ. ટેન્ડર ઓલપાડ ગૃપ ગ્રામ પંચાયત કચેરી સમય દરમ્યાન મળે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. તેમજ ભાવપત્રકો મંજુર કરવાની સંપૂર્ણ સત્તા નિવિદા નીચે સહીકરનારની રહેશે જે અંગે ખાસ નોંધ લેવી.

NAME : GRAM PANCHAYAT OLPAD, GSTIN : 24SRTG04796B1DA

: કામોની વિગત :

૧. ઓલપાડ માં ગેરકાયદેસર દબાણ કરનાર લારી-ગલ્લા, છકડા, ટેમ્પા અને અન્યને ઉઠાવીને સહી સલામત રીતે ઓલપાડમાં પંચાયત નક્કી કરે તે જગ્યાએ મુકવાનો ભાવપત્રક.
૨. ઓલપાડ હદ વિસ્તારમાં તમામ વેરાઓની ચાર મહિનાની અંદર ૩ નોટિસની બજવણી અંગે યોગ્ય માણસ મુકી વેરા નોટિસ આપવા અંગેનો કોન્ટ્રાક્ટ અંગેનુ ભાવપત્રક.
૩. સરકારશ્રીની વિવિધ ગ્રાંટ તથા સ્વભંડોળમાંથી ડામર રસ્તા, સીસી રોડ તેમજ પેવરબ્લોકના કામોના ભાવપત્રકો.
૪. સરકારશ્રીની વિવિધ ગ્રાંટ તથા સ્વભંડોળ ગ્રાંટમાંથી ગટરલાઇન, કુંડી બનાવવાનું કામના ભાવપત્રકો તેમજ બાંધકામ અંગેના તથા પતરા શેડ અંગેના ભાવપત્રક.
૫. એલઇડી અને સીએફએલ રીપેર કરવાનો ભાવ.
૬. ગટર સફાઇ માટે પ્રેશર મશીનનો એક દિવસનો એક કલાકનો ભાવ.
૭. પાણી લિકેજ લાઇન રીપેરીંગનો માસિક ભાવ.
૮. જેસીબી મશીનના તથા હિટાચી મશીનના ભાવપત્રક ૧ કલાકનો ભાવ તેમજ વાહતુક કરવા માટે ટ્રેક્ટરનો એક કલાકનો ભાવ (૨૪ કલાક સર્વિસ)
૯. ઝેરોક્ષના ભાવપત્રક ૧ કોપીના ( સાઇઝ પ્રમાણે) તથા સ્ટેશનરીના ભાવો.
૧૦. સ્ટ્રીટલાઇટ લાઇનના અન્ય કામ માટે માસિક મહેનતાણાના ભાવપત્રક. (૨૪ કલાક સર્વિસ)
૧૧. વારીગૃહ પાઇપલાઇનને લગતા તમામ સામાનના ભાવો PVC તથા અન્ય પાઇપો વિગેરે ભાવો.
૧૨. રસ્તા અંગેના મટીરીયલ, હાથફોડ, મેટલ, મશીનક્ટ મેટલ, રબલ, ક્વોરી સ્પોઇલ, ગ્રીટ, જી.એસ.વી., ડામર, હાર્ડમુરમ, હોટમીક્ષ માટી (૧ ટનનો ભાવ) તેમજ મજુરી સાથેનો ભાવ.
૧૩. ફોગીંગ મશીન ચલાવવામાં વાહન+ડ્રાઇવર+૨ ઓપરેટર સાથેના ૧ કલાકનો ભાવ.
૧૪. સિમેન્ટનાં બાકડાના એક નંગના ભાવ ગુણવત્તા પ્રમાણે આપવા.
૧૫. વોટરવર્કસને લગતા તમામ સામાનના તથા (હેન્ડપંપ, ઇલે.મોટર/ સબમર્શીબલ પંપના ભાવો જેમ્સ દ્વારા)તથા નવો બોર કરી પાઇપ ઉતારી હેન્ડપંપ/ મોટર બેસાડી આપવાનો મજુરી સહિતનો ભાવ.
૧૬. જંતુનાશક દવા પાવડર, ચૂનો તથા પીવાના પાણી માટે ક્લોરિનના ભાવપત્રક.
૧૭. મંડપના અલગ અલગ પ્રકારના ભાવો (૧ ગાળાના).
૧૮. સીસીટીવી કેમેરા, પોલ વાયર, એન.વી.આર/ડી.વી.આર, સ્ક્રીન(એલ.ઇ.ડી.), ડિવાઇસ/વાયરલેસ ડિવાઇસ, પી.ઓ.ઇ. સ્વીચ, એડેપ્ટર, લોખંડની પેટી, સ્વીચબોર્ડ, સર્વિસ કેબલ, પાવર બેકઅપ, અને અન્ય વસ્તુઓ મજુરી સાથેનો ભાવ.
૧૯. નવા ફોગીંગ મશીનનો ખરીદીનો ભાવ.
૨૦. નવા કમ્પ્યુટર ખરીદી, કમ્પ્યુટર, પ્રિન્ટર, પ્રિન્ટર ટોનર રિપેરિંગ તથા જાળવણી અંગેના વાર્ષિક ભાવો.(૨૪ કલાક સર્વિસ)
૨૧. નવા ટેમ્પા, બોગી, ટ્રેક્ટર બોગી, ખરીદી કરવા માટેના ભાવપત્રકો.
૨૨. સ્ટ્રીટલાઇટ સામાન તથા દરેક પ્રકારની સીએફએલ તથા એલ.ઇ.ડી. સેટ તેમજ ફોકસ IS। કંપની માર્કા (ગેરંટી/વોરંટી કેટલા વર્ષની)સાથેના ભાવપત્રક.

ઉપરોક્ત કામોની ટેન્ડર મંજુર થયેથી ડિપોઝીટ પેટે રૂા.૧૫૦૦૦/- જમા કરાવેથી ગ્રા.પં. કચેરી ઓલપાડ, તા. ઓલપાડ માંથી કચેરી સમય દરમિયાન રસીદ મેળવી લેવી. ભાવો ભરેલા ટેન્ડરો આ નિવિદા વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં ઇ.ચાર્જ સરપંચશ્રી/ ત.ક.મંત્રીશ્રી, ઓલપાડ ગૃપ ગ્રામ પંચાયત, તા. ઓલપાડના નામે સીલબંધ કવરમાં આપી જવાનુ રહેશે. ટેન્ડર સાથે કામ મુજબની ડિપોઝીટ જમા કરાવવાની રહેશે. કવર પર દરેક કામની વિગત દર્શાવવી ફરજિયાત છે. જો કોઇ ટેન્ડરધારક વચ્ચેથી ટેન્ડર છોડી દેશે તો ડિપોઝિટ પરત મળશે નહિ. તથા ટેન્ડરધારકે સરકારશ્રી તથા પંચાયત નિયમાનુસાર એગ્રીમેન્ટ કરાર કરવાનું રહેશે.

નોંધ : ઉપરોક્ત ક્રમ નંબર : ૧૮ થી ૨૧ ક્રમ નંબરના કામોનો સામાન ગુજરાત સરકારના ઓનલાઇન પોર્ટલ (જેમ્સ) પરથી જ ખરીદવાનુ રહેશે.

રીનાબેન કેતનચંદ્ર ડુમસીયા, ત.ક.મંત્રી ઓલપાડ ગૃપ, ઓલપાડ ગૃપ ગ્રામ પંચાયત, તા. ઓલપાડ

આનંદભાઈ બાલુભાઇ કહાર, ઈન્ચાર્જ સરપંચ ઓલપાડ ગૃપ, ઓલપાડ ગૃપ ગ્રામ પંચાયત, તા. ઓલપાડ

ખાસ નોંધઃ- ઓલપાડ / અસ્નાબાદ ગ્રામ પંચાયત વિસ્તારમાં મિલ્કત ધરાવનાર ગ્રામ પંચાયતના બાકી વેરા તથા વ્યવસાયવેરો ૩૧/૦૩/૨૦૨૫ પહેલા ગ્રામ પંચાયત કચેરીએ જમા કરાવવા વિનંતી.

ક્રમાંક : માહિતી-સુરત/૧૪૫૨/૨૦૨૫